દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ
મકાન સહાય ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંકઃસશપ/૧૩૨૦૧૫/ ૨૭૨૨૨૧/અ
સચિવાલય,ગાંધીનગર.
તા. ૧૫/૪/૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના તા.૧/૨/૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃ અબડ/૧૦૨૦૧૨/૮૫૫૮૮૯/હ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના તા.૧૪/૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ હસલ/૧૨૨૦૧૩/૮૭૩૦૭૫/હ
(3) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાના તા.૭/૧/૨૦૧૫ના પત્રક્રમાંકઃ વિજાક/ જન/મ.સ./૨૦૧૪-૧૫/33

ઠરાવઃ-

ઉકત વંચાણે લીધા ક્રમાંક(૧) માં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧/૨/૨૦૧૩ના ઠરાવ થી અનુસૂચિત જાતિના ઇસમોને ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન સહાય પેટે રૂ.૪૫૦૦૦/- ચૂકવવાની મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક(૨) માં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૪/૮/૨૦૧૪ના ઠરાવથી [redacted] આ રકમમાં વધારો કરી રૂ.૭૦,૦૦૦/- કરવામાં આવેલ છે. પરંતુ તા.૧૪/૮/૨૦૧૪ના ઠરાવની શરત નં.3 મુજબ આ યોજનાનો અમલ શહેરી વિસ્તારની ડો.આંબેડકર આવાસ યોજના અને દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના માટે લાગુ પાડવામાં આવેલ નથી. વંચાણે લીધા ક્રમાંક(3) માં દર્શાવેલ નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાના તા.૭/૧/૨૦૧૫ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા આવાસ યોજના સંબંધિત આઇ.એચ.એસ.ડી.પી અને બી.એસ.યુ.પી. યોજનામાં વંચાણે લીધા ક્રમાંક(૧) માં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧/૨/૨૦૧૩ના ઠરાવ મુજબ અમલ કરવાનો રહેશે. જે માટે સંબંધિત નગરપાલિકા/કોર્પોરેશનના સંપર્કમાં રહી જે પ્રોજેકટ પૂર્ણ થયેલ હોય તેવા પ્રોજેકટના પસંદગી પામેલા લાભાર્થીઓ પૈકી દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ સહાયને પાત્ર થતા લાભાર્થીઓને લાભાર્થી ફાળા પેટે ભરવાની થતી રકમ પરંતુ વધુમાં વધુ

રૂ.૪૫૦૦૦/- ની સહાય તરીકે આ વિભાગની દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના ની ગ્રાન્ટમાંથી ચૂકવવાની આથી મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

Desai

(જે.વી.દેસાઇ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- નામ.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ-૧ સચિવાલય,ગાંધીનગર.
- મા.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧ સચિવાલય,ગાંધીનગર.
- મા.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ..)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨ સચિવાલય,ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા નાયબ નિયામક/સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા).
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- સિલેકટ ફાઇલ શાખા/ના.સે.અધિ.શ્રી.